અપીલ અરજી નં.૩૯૮ તા.૧૭–૩–૦૯

અરજદારઃ શ્રી ધરમચંદ રામજીભાઈ ચંદેલની
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે.અને હો.)અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધરમચંદ રામજીભાઈ ચંદેલની તા.૨૯–૧–૦૯ ની અરજીથી શ્રી મહાકાળી મટન સેન્ટર, દિનદયાલનગર, સ્પિનીંગમીલ પાછળ, કપોદ્રા સુરતનાં નામે મટન વેચાણ કરવા માટેની દુકાન શરૂ કરવા જરૂરી પરવાનો મેળવવા અમોએ કરેલ અરજીના અનુસંધાને તથા તા.૨૩–૧–૦૯ની અરજી અંગે શું કાર્યવાહી થઈ? કેટલી વ્યકિતઓનાં વાંધા આવ્યાં? શું વાંધા આવ્યા? વિ. મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૧૭–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૮ /૨૦૦૮–૦૯

શ્રી ધરમચંદ રામજીભાઈ ચંદેલની તા.૨૯–૧–૦૯ ની અરજીથી શ્રી મહાકાળી મટન સેન્ટર, દિનદયાલનગર, સ્પિનીંગમીલ પાછળ, કપોદ્રા , સુરતનાં નામે મટન વેચાણ કરવા માટેની દુકાન શરૂ કરવા જરૂરી પરવાનો મેળવવા અમોએ કરેલ તથા તા.૨૩–૧–૦૯ની અરજીના અનુસંધાને શું કાર્યવાહી થઈ? કેટલી વ્યકિતઓનાં વાંધા આવ્યાં? શું વાંધા આવ્યા? વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૪ તા.૨૧–૩–૦૯ થી ડે.કમિશ્નર (હે.અને હો.)અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કાયદાની કલમ–૮,૯,૧૧ કે ૨૪ હેઠળ કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની તા.૨૯–૧–૦૯ નીઆરટીઆઈ હેઠળની કરેલ અરજીથી તા.૨૩–૧–૦૯ ના રોજ મટન વેચાણ માટેની દુકાનના લાયસન્સ બાબતે કરેલી અરજીની શું કાર્યવાહી થઈ અને કેટલી વ્યકિતના વાંધા આવ્યા? શું વાંધા આવ્યા? મટન વેચાણ માટેની દુકાનનો પરવાનો કયારે મળશે? વાંધાઓ મેળવવા પ્રસિધ્ધ કરેલ જાહેરાતની નકલ તથા મટન વેચાણ માટેની કરેલ અરજી ફોર્મની નકલ તેમજ ફોર્મની સાથે ભરેલ રસીદની પ્રમાણિત નકલની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં મળેલા પ્રતિભાવ બાબતે અપીલ અરજી કરેલ છે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૯–૧–૦૯ ની અરજીથી માંગ્યા મુજબ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોઈ, નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈના કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરની માહિતી કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધરમચંદ રામજીભાઈ ચંદેલ,